ચિલોડા પંથકમાં બટાકા કાઢવાની કામગીરી પૂરજોશમાં, બટાકાના ઢગ ખડકાયા

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તાર ચિલોડા, ઈસનપુર મોટા, મગોડી, શિવપુરાકંપા તથા દહેગામ જેવા ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ સાલે બટાકાનું સારા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં અનુકુળ વાતાવરણ સાથે ખેડૂતોએ બાદશાહ, પોખરાજ, લોકર, લાલ કલરના એલ.આર., શાન્તાના જેવા વિવિધ જાતના બટાકાનું વાવેતર કરવામાં આવ્યું છે. ત્યારે ખેડૂતોએ અથાક પરિશ્રમ દ્વારા બટાકાનું વધુ ગુણવત્તા અને સારૂ ઉત્પાદન મેળવવા આતુર બન્યા છે. ત્યારે એક વીઘામાંથી ૪૦૦ મણથી વધુ ઉત્પાદનનો આંક સર કરવામાં સફળ નીવડતાં અગાઉથી બટાકાના ભાવ નક્કી મુજબ સોદા કરી પોષણક્ષમ ભાવો મેળવવામાં સફળ નીવડતાં ખુશી જણાઈ રહી છે. હાલમાં કોલ્ડસ્ટોરેજમાં પંજાબ રાજ્યના બટાકાનું બિયારણના કન્ટેનર આવી રહ્યા છે. આ ખેડૂતો બટાકા કાઢવાની કામગીરીમાં જોતરાયા છે. ત્યારે ગ્રામ્ય મહિલાઓ ઘરગથ્થુ બટાકાની કાતરી અને વેફર કાઢવાની સાથે વધુમાં વધુ ફાયદારૂપ ભાવ મળે તેવી ઈચ્છા સેવી રહ્યા છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ગાંડી, ફોન કેમ કાપી નાખતી હતી ? એ ખોં ખોં નો અવાજ મારા ડેડીનો નહોતો... કોરોના કોલર ટ્યુન હતી...!!!

વાત-વાતમાં.....

- આજકાલ ગાંધીનગરના માર્ગો પર પીળા અને જાંબલી રંગોના ફૂલોનો નયનરમ્ય નજારો જોવા મળી રહ્યો છે. આ ખૂબ સૂરત નજારો શહેરમાં બહારગામથી આવતા મુસાફરો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.
- કોરોના વાઈરસને પગલે શહેરમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. જેમાં સોશ્યલ મિડીયા પર વાઈરલ થતાં સાચા-ખોટા વિડિયોઝની ભૂમિકા વધુ જોવા મળી રહી છે. આ સાથે સોશ્યલ મિડીયા પર ઘરગથ્થુ રીતે સેનેટાઈઝરથી માંડીને માસ્ક બનાવવાની રીતો પણ વાઈરલ થતી જોવા મળી રહી છે.
- દેશમાં અન્ય રાજ્યોમાં અભ્યાસ કે નોકરી કરતાં સંતાનોને તેમના મા-બાપ કોરોનાના ભયને પગલે ઘરે પાછા બોલાવી રહ્યાં છે. બીજી તરફ જેમના સંતાનો કે અન્ય પરિવારજનો પરદેશમાં છે તેમની સલામતી અંગે પણ તેમના સ્નેહીજનોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લા ભાજપ દ્વારા બજેટ કાર્યશાળા યોજાઈ

ભાજપા પ્રદેશ યુવા મોરચા દ્વારા ગુજરાતભરમાં ૨૩ માર્ચ શહીદ દિનની ગૌરવભેર ઉજવણી અને શ્રદ્ધાસુમનના કાર્યક્રમો યોજવામાં આવશે : ઋત્વિજ પટેલ

ગાંધીનગર, તા. ૧૫

આજરોજ તા. ૧૫ માર્ચ ૨૦૨૦ના રોજ ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષ નૈલેસભાઈ શાહની અધ્યક્ષતામાં અને પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ ઋત્વિજ પટેલ તથા પૂર્વ પ્રદેશ મીડિયા કન્વીનર યમલભાઈ વ્યાસની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે ગાંધીનગર જિલ્લા ભાજપના ઉપક્રમે બજેટ કાર્યશાળા યોજાઈ ગઈ હતી.

કાર્યશાળામાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રજૂ થયેલ બજેટ ૨૦-૨૧ અંગે યમલ વ્યાસે છણાવટ કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી ગુજરાતની વિકાસયાત્રાને નવી ઊંચાઈએ લઈ જવાની પ્રતિબદ્ધતા આ બજેટમાં વ્યક્ત કરવામાં આવી છે.

બજેટ ગુજરાતના પ્રત્યેક નાગરિકને લક્ષમાં રાખીને 'કીડીને કણ અને હાથીને મણ' ઉક્તિને ચરિતાર્થ કરતું આ બજેટ છે. આ બજેટમાં છેવાડાના માનવીની ચિંતા કરવામાં આવી છે. સાથે સાથે ભાજપાની વિચારધારા 'ચલો દીપ જલાયે વહા જહા અભી અંધેરા હે'ને પ્રતિપાદિત કરવાનો પ્રયાસ આ બજેટમાં કરવામાં આવ્યો છે. સંવેદનશીલ સરકારના સંવેદનશીલ બજેટમાં ખેડૂતો નાના મધ્યમ વેપારીઓ પશુપાલકો ગ્રામ્ય-શહેરી વિકાસ ને ઉત્તેજન મળે તે માટેની જોગવાઈઓ કરવામાં આવી છે.

વ્યાસે કેન્દ્રીય બજેટને ટાંકતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના બજેટમાં પણ પ્રત્યેક નાગરિકને આર્થિક સશક્તિકરણ માટેના પગલાં લેવામાં આવ્યા છે. ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારનું સર્જન અને ખેડૂતોની આવક બમણી કરવા ની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેમનું પ્રતિબિંબ કેન્દ્ર સરકારના બજેટમાં જોવા મળે છે. સાથે સાથે કરદાતાઓ માટે 'વિવાદ સે વિશ્વાસ' બિલ, કરદાતાઓ માટે કરની ચુકવણીનું સરળીકરણ, ગ્રામ પંચાયતોને ડિજિટલ ઈકોનોમી તરફ અગ્રેસર કરવા ભારત નેટથી ૧૦,૦૦૦ ગ્રામ પંચાયતોનું જોડાણ મુખ્ય છે. ગુજરાતના ગાંધીનગર ખાતેના ગિફ્ટ સિટીમાં 'આંતર-રાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જ'ની સ્થાપનાની જોગવાઈ પણ આ બજેટમાં કરવામાં આવી છે જે ગુજરાત માટે એક અણમોલ ભેટ છે.

આ બજેટ કાર્યશાળાને સંબોધતા ગુજરાત ભાજપના પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ઋત્વિજ પટેલને સંગઠનને મજબૂત અને સુદઢ બનાવવા પર મુકતા આગામી કાર્યક્રમો અંગે જાણકારી આપી હતી.

જેમાં ૨૩ થી ૩૧ માર્ચ દરમિયાન પ્રત્યેક બુથમાં બજેટની કાર્યશાળા અને શક્તિ કેન્દ્ર સુગઠન, ૩ માર્ચના રોજ શહીદ દિન નિમિત્તે શહીદોના સ્મારકનું પ્રતિમાઓની સાફ-સફાઈ અને તેઓને શ્રદ્ધાસુમન, ૧૪ એપ્રિલના રોજ બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે તેના જીવન-કવનના કાર્યક્રમો તથા ૬ એપ્રિલના રોજ ભાજપાના સ્થાપનાદિનની ગૌરવ ઉજવણી માટેના કાર્યક્રમના આયોજન માટે માર્ગદર્શન આપ્યું હતું.

સ્વ. ભરતસિંહ સેંધાજી વાઘેલાના સ્મરણાર્થે ભારતીબાપુની વ્યાસપીઠે વાસણ ગામે સુંદરકાંડના પાઠ યોજાયા હતા. જેમાં સમગ્ર ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે કોરોના વાયરસ વિશે જાણકારી અને હોમિયોપથી દવાનું વિતરણ કરાયું

ચિલોડા, તા. ૧૫

કોરોના વાયરસ વિષેની જાણકારી એ જ તેનો ઉત્તમ બચાવ છે.

આ રોગ વિશે જાણકારી મેળવીને શું કરવું અને શું ન કરવું તે જાણી લેવું જરૂરી છે. આ સંદર્ભે ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે ચિલોડા હોમિયોપથી દવાખાનાના હોમિયોપથી મેડિકલ ઓફિસર ડૉ. ઘનશ્યામભાઈ પ્રજાપતિ દ્વારા કોરોના વાયરસ વિશે જાણકારી અને હોમિયોપેથીક પ્રતિરોધક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીસ સ્ટેશનના પોલીસકર્મી અને ચિલોડા હોમગાર્ડ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સે. ૨૪માં હોમિયોપેથી કેમ્પમાં કોરોના સામે લડવા ૯૩૫ નાગરિકોએ દવા પ્રાપ્ત કરી

ગાંધીનગરના સેક્ટર-૨૪માં આજે અર્બન હેલ્થ સેન્ટર ખાતે કોરોના વાઈરસ સામે લડવા રોગ પ્રતિકારક શક્તિ વધારતી હોમિયોપેથિક દવાના નિઃશુલ્ક વિતરણનો કેમ્પ યોજાયો હતો. ગાંધીનગર હોમિયોપેથી ડૉક્ટર્સના એસોસિએશન દ્વારા આયોજિત આ કેમ્પમાં શહેરના ૯૩૫ લાભાર્થીઓએ મુલાકાત લઈ વિના મૂલ્યે દવા પ્રાપ્ત કરી હતી. આ કેમ્પના આયોજક હોમિયોપેથી એસોસિએશનના પ્રમુખ ડૉ. વિજય જોગીએ જણાવ્યા મુજબ કેમ્પમાં ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારના ૪૦ જેટલા હોમિયોપેથી તબીબો જેઓ એસોસિએશન સાથે સંકળાયેલા છે તેમણે સેવાઓ આપી હતી જે અત્યાર સુધીમાં ગાંધીનગરમાં યોજાયેલા કોઈ પણ પ્રકારના મેડીકલ કેમ્પમાં એક વિરલ ઘટના સમાન ગણી શકાય તેવી છે. આ કેમ્પની મુલાકાતે આવેલા નાગરિકોને કોરોનાથી બચવા યોગ્ય સલાહ-સૂચન સાથે દિલ્હીની હોમિયોપેથીક કાઉન્સિલ દ્વારા સંશોધિત કોરોનાને સંક્રમણ સામે લડવા માટે રોગ પ્રતિકારક શક્તિ વધારતી હોમિયોપેથી દવા ''આર્સેનિકમ આલ્બમ-૩૦ પોટેન્સી'' વિના મૂલ્યે આપવામાં આવી હતી. આ દવાનો લાભાર્થીને દિવસમાં બે વાર લઈ શકે તે રીતે ત્રણ દિવસનો ડૉઝ આપવામાં આવ્યો હતો.

ખૂણેખાંચરેથી

- રાજ્યના રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં આજે સે. ૭ ની ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે યોજાયેલ રાજીવ ખેતી અને ગૌપાલન સેમિનાર રદ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં ૫૦ બેડની સુવિધા ધરાવતુ હોમ કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટર કાલ સાંજ સુધીમાં તૈયાર થઈ જશે.
- ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૭-૧૮માં છોકરાઓની તુલનામાં છોકરીઓનો ડ્રોપ આઉટ રેસિયો વધારે નોંધાયો હતો.
- જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જિલ્લાના તમામ સરપંચોને પત્ર લખી કોરોના અંગે સાવચેતીના પગલાં લેવા જણાવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં હોમીયોપેથીક એસોસીએશન દ્વારા સે. ૨૪ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે કોરોના વાયરસ સંક્રમણ વિરૂદ્ધ હોમીયોપેથીક દવાઓનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું.

ડેરી નિષ્ણાંતની કમાલ : દૂધની બનાવટો પછી નિકળતા પાણીમાંથી એનર્જી ડ્રીન્કનું ઉત્પાદન

દૂધમાંથી તેની બનાવટો જેવી કે પનીર, શ્રીખંડ, લસ્સી અને છાસ બનાવવામાં આવે છે ત્યારે વધતા પાણીને સામાન્ય રીતે ફેંકી દેવામાં આવે છે પરંતુ તેનો ઉપયોગ કરીને સ્વાદિષ્ટ અને પોષણયુક્ત પીણું બનાવવાનું કામ આણંદની ડેરીના એક વૈજ્ઞાનિકે કર્યું છે. આણંદ કૃષિ વિદ્યાલયના ડેરી ટેકનોલોજી વિભાગના પીન્કલ પટેલે છાસના નકામા પાણીમાં લીંબુ અને મરીમસાલા નાંખીને પીણું બનાવવા પ્રયાસ કર્યો છે. તેમણે કાર્બોનેટ લાઈમ વ્હે બેવરેજ બનાવવાની પધ્ધતિ વિકસાવી છે જેમાં ડી-ફેટેડ લેક્ટોઝહાઈડ્રોલિઝ્ડ વ્હેમાં ૪.૫ ટકા લાઈમ રસ તેમજ ૧૦ ટકા ખાંડનો ઉપયોગ કરવામાં આવે છે. ઘર કે ડેરીમાં જ્યારે પનીર, શ્રીખંડ, લસ્સી અને દહી બનાવવામાં આવે છે ત્યારે તેમાંથી નિકળતું પાણી ફેંકી દેવામાં આવે છે. આ વૈજ્ઞાનિક કહે છે કે દૂધના ઉત્પાદનો પછી નિકળતું પાણી એ ખૂબજ પૌષ્ટિક હોય છે. આ પીણું ખોરાકને પચાવવા, તાપમાનનું નિયમન કરવા, ડિહાઈડ્રેશન અટકાવવા, તરસ છીપાવવા અને માનસિક તનાવ દૂર કરવા માટે વાપરી શકાય છે. આ મૂલ્યવર્ધક પીણાંની બનાવટ આ વૈજ્ઞાનિકે વિકલાવી છે જે ભવિષ્યમાં લોકોને ઉપયોગી બનશે.

એક એવા ડોક્ટર જેમનો ધર્મ કેવળ સેવા છે...

ડોક્ટર એટલે રૂપિયા કમાવાનું મશીન એવું કહેવાય છે પરંતુ ગુજરાતમાં એવાં પણ ડોક્ટરો છે કે જેઓ મની માઈન્ડેડ નથી. ઝાલોદ તાલુકાના ગામડી ગામના સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. કલસિંગ ડામોર એવા સ્ત્રી રોગ નિષ્ણાંત છે કે જેમને પોતાની હોસ્પિટલમાં દર મહિને એકવાર એટલે કે પ્રતિ માસની ૯મી તારીખે મહિલાઓનું વિનામૂલ્યે નિદાન કરી આપે છે. આ ડોક્ટરે દાહોદમાં અભ્યાસ કરી અમદાવાદની બીજે મેડીકલ કોલેજમાંથી સ્ત્રી રોગ તજજ્ઞની પદવી મેળવી છે. તેમણે પાંચ વર્ષ સુધી દાહોદની સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવી હતી. સરકારી સેવામાં તેઓ આજે ઉચ્ચસ્થાને બિરાજમાન હોત પરંતુ તેમણે દાહોદ જિલ્લાની આદિવાસી સમાજની મહિલાઓની તંદુરસ્તી માટે કામ કરવાનું નક્કી કર્યું અને તેમણે સ્વતંત્ર હોસ્પિટલ શરૂ કરી હતી. છેલ્લા ચાર વર્ષમાં તેમણે ૮૦૦૦થી વધુ આદિવાસી મહિલાઓનું વિનામૂલ્યે નિદાન કર્યું છે અને જરૂર પડ્યે વિનામૂલ્યે સારવાર કરી છે. દર મહિનાની ૯મી તારીખે આ હોસ્પિટલમાં સરેરાશ ૨૦૦ મહિલાઓ સારવાર માટે આવતી હોય છે.

ચાર વર્ષમાં ૮૦૦૦ જેટલી આદિવાસી મહિલાઓનું વિનામૂલ્યે નિદાન કરતા ડોક્ટર

રાજ્યના ખેડૂતો સાથે વેપારીઓની છેતરપિંડી...

ગુજરાતમાં ભેળસેળ ક્યાં નથી તે શોધવું કપરૂં બની ગયું છે. કોરોના વાયરસને રોકવા માટે વપરાતા સેનેટાઈઝરમાં પણ ભેળસેળ થઈ રહી છે. ખેડૂતોના ખાતરમાં અને બીયારણમાં પણ ભેળસેળ થાય છે. હવે તો હદ ત્યારે થઈ છે જ્યારે જંતુનાશક દવાઓમાં પણ ભેળસેળ થવા લાગી છે. એટલે કે ઝેર પણ ઓરિજનલ મળતું નથી. કૃષિ પાક પર છાંટવામાં આવતી જંતુનાશક દવાઓમાં વ્યાપક પ્રમાણમાં ભેળસેળ થાય છે. પેસ્ટ્રીસાઈડમાં સૌથી વધુ ભેળસેળ ધરાવતા રાજ્યોમાં ગુજરાતનો ક્રમ ચોથો આવ્યો છે. જંતુનાશક દવાઓ બનાવતી ફેક્ટરીઓ બેકાબૂ બની છે. ખેડૂતોને પારાવાર નુકશાન કરાવે છે. કેન્દ્રીય અને પ્રાદેશિક લેબોરેટરીના આંકડા કહે છે કે દવાના ૨૮ નમૂના પૈકી સાત નમૂના ફેઈલ થયાં છે. આવી દવાઓમાં ભેળસેળ થતી હોવાથી ખેતીના પાકને કોઈ અસર થતી નથી અને ખેડૂતોના રૂપિયા વેડફાઈ રહ્યાં છે. છેલ્લા એક વર્ષમાં પેસ્ટ્રીસાઈડની દુકાનોમાંથી ૪૦૧૧ જેટલા નમૂના લેવામાં આવ્યા હતા જે પૈકી ૧૭૪ નમૂના ફેઈલ રહ્યાં હતા. સમગ્ર દેશમાં ૬૮૨૫૦ પૈકી ૧૭૭૫ નમૂના ફેઈલ થયા હતા. ઉત્પાદકો અને વ્યાપારી બિન્દાસ નકલી દવાઓ ખેડૂતોને વેચી રહ્યાં છે.

ક્લોરપાયરીફોસથી જીવસૃષ્ટિને ખતરો છે...

ક્લોરપાયરીફોસ એ એક જીવ વિજ્ઞાન વિષયક જંતુનાશક છે અને તેનો ઉપયોગ કૃષિ પાક, પ્રાણીઓ પર અને ઘર રંગવાના રંગમાં ઈમારતો પર કરવામાં આવે છે. જંતુઓ અને કૃમિ સહિત અનેક જીવાતોને મારવા માટે તે વપરાય છે. વિશ્વના અનેક વૈજ્ઞાનિકોએ આ પ્રયોગ કરવા સામે ચેતવણી ઉચ્ચારી છે, કેમ કે તેનાથી જીવસૃષ્ટિનો ખતરો છે. ક્લોરપાયરીફોસનો ઉપયોગ કૃષિ અને બિન-કૃષિ બંને ક્ષેત્રમાં ૧૯૬૫થી જંતુનાશક તરીકે કરવામાં આવે છે. ક્લોરપાયરીફોસને ૧૯૬૬માં ડાઉ કેમિકલ કંપની દ્વારા પેટન્ટ આપવામાં આવ્યું હતું. મકાઈમાં તેનો સૌથી વધુ વપરાશ થાય છે. સોયાબીન, ફળ, અખરોટ, બ્રોકોલી અને કોબીજ જેવા તમામ પાકોમાં પણ થાય છે. બિન-કૃષિ ઉપયોગમાં ગોલ્ફ કોર્સ, ટર્ફ, ગ્રીન હાઉસ અને લાકડાની સારવાર માટે તે વપરાય છે. મચ્છર મારવા અને બાળ પ્રતિરોધક પેકેજિંગમાં કીડી જેવા જંતુને આવતાં રોકવા વપરાય છે. તેનો પાઉડર અને પ્રવાહીમાં બજારમાં મળે છે. તેની અસરથી માનવ શરીરની નર્વસ સિસ્ટમ બગડે છે. સંશોધકો કહે છે કે તેની સૌથી વધુ અસર માછલી, પક્ષીઓ, મહિલાઓ અને બાળકોને થાય છે. એટલું જ નહીં તે જમીનમાં જાય ત્યારે વર્ષો સુધી તેની અસર હોવાને કારણે ભૂગર્ભજળમાં પણ જાય છે. સંશોધકો તેમજ વૈજ્ઞાનિકો કહે છે કે ક્લોરપાયરીફોસનો ઉપયોગ મર્યાદિત કરવો જોઈએ કે જેથી તેની ઘાતક અસરો ઓછી કરી શકાય.

બિયારણ, ખાતર પછી જંતુનાશકોમાં નકલીની બોલબાલા-- ખેડૂતો જરા સંભાળજો

કેરીનો રસ બારેમહિના મળશે, આદિવાસી મહિલાઓ સંયુક્ત રીતે ઉત્પાદન કરે છે

કેરીનો રસ હવે બારેમાસ કાચની બોટલમાં...

ગુજરાતમાં ઉત્પાદિત થતી કેરીનો રસ હવે આપણને બારેમાસ ખાવા મળી શકે છે જેમાં ઓરિજનલ રસ હશે. રાજ્યની આદિવાસી મહિલાઓએ કેરીનો રસ કાઢીને બોટલમાં પેક કરીને વેચવાનું શરૂ કર્યું છે. દક્ષિણ ગુજરાતની આફુસ કેરી મુખ્યત્વે સ્થાનિક કે દેશના વિવિધ બજારોમાં વેચી દેવી પડે છે, કારણ કે પાકી કેરીનો સંગ્રહ થઈ શકતો નથી તેથી આ વિસ્તારની આદિવાસી મહિલાઓએ એક ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો છે. સિઝનમાં જ્યારે પાક બજારમાં આવશે ત્યારે આ મહિલાઓ કૃષિ વિકાસ કેન્દ્રની મદદથી કેરીના રસનું બોટલિંગ કરે છે. વલસાડની મહિલાઓ કેરીના ફળને ધોઈને તેનો રસ બોટલમાં ભરે છે. શરૂઆતમાં આ મહિલાઓએ નાનો બિઝનેસ શરૂ કર્યો હતો પરંતુ હવે ગુરૂકૃપા સ્વયં સહાય જૂથ નામની એક સંસ્થાની રચના કરવામાં આવી છે. આ જૂથની પ્રત્યેક મહિલા ૨૦ હજારથી વધુની આવક આ કામગીરી કરીને મેળવે છે. આ જૂથના કુસુમબેન કાળીદાસ પટેલ માસ્ટર ટ્રેઈનર છે. તેઓ પોતે કેરીના પલ્પની ૧૦૦૦ બોટલો ભરીને તૈયાર કરે છે. કુસુમબેન વર્ષે ૬૦ હજાર જેટલી આવક આ બોટલમાંથી કમાય છે. હવે તેઓ કાચની બોટલમાં કેરીના ટુકડા કરી ખાંડમાં બોળીને ભરવાની પદ્ધતિ પર કામ કરી રહ્યાં છે. ગુજરાતની ૧.૬૫ લાખ હેક્ટર જમીનમાં કેરીનો પાક થાય છે જે પૈકી વસલાડમાં ૩૬ હજાર હેક્ટર તેમજ નવસારીમાં ૩૩ હજાર હેક્ટર જમીનમાં આફુસ કેરી પાકે છે. આ મહિલાઓને સિઝનમાં એક મહત્વપૂર્ણ વ્યવસાય મળી રહ્યો છે.

માનવું પડશે કે છાણમાંથી પણ કાગળ બને છે...

ગાય કે ભેંસના છાણમાંથી કાગળ બનાવવાની ટેકનોલોજીનો વિકાસ કરવામાં આવે તો ગુજરાતના પશુધન માલિકોને વધારાની આવક થઈ શકે છે. આવી કાગળ બનાવતી મીલ પ્રત્યેક ગૌશાળા કે પાંજરાપોળમાં બનાવી શકાય છે. ટેકનોલોજી નિષ્ણાંત કહે છે કે છાણમાંથી ૭ ટકા હિસ્સો કાગળ બનાવવા વપરાય છે જ્યારે બાકીનો મોટો ભાગ ખાતર તરીકે વપરાય છે. રાજ્યમાં ૬૬૭ ગૌશાળા અને ૨૮૩ પાંજરાપોળ છે. કાગળના એક પ્લાન્ટનો ખર્ચ ૧૫ લાખ રૂપિયા છે. દૂધની ડેરીઓ પ્રત્યેક ગામમાં એક પ્લાન્ટ બનાવે તો રાજ્યમાં ૧૦ હજાર કરતાં વધુ પ્લાન્ટ ઉભા થઈ શકે છે. આપણે જ્યારે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ બંધ કર્યો છે ત્યારે છાણમાંથી બનેલા કાગળ બજારમાં ઉપલબ્ધ કરાવી શકાશે. ટેકનોલોજી નિષ્ણાંતે નોંધ્યું છે કે રાજ્યમાં એક પશુદીઠ રોજનું ૧૦ કિલો છાણ મળે છે. રાજ્યના બે કરોડ પશુઓનું છાણ એકત્ર કરવામાં આવે તો રોજનું ૨૦ કરોડ કિલોગ્રામ છાણ થાય. જેમાંથી સાત ટકા લેખે એટલે કે બે કરોડ કિલોગ્રામ સુકો કાગળ બની શકે છે. ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના એકમ કુમારપ્પા નેશનલ હેન્ડમેડ પેપર ઈન્સ્ટીટ્યુટ દ્વારા બે વર્ષ પહેલાં છાણમાંથી કાગળ બનાવવામાં આવ્યો હતો, ત્યારપછી જયપુરમાં ખાદી ગ્રામોદ્યોગ પંચે ગૌવંશના છાણમાંથી કાગળ બનાવવાનું શરૂ કર્યું છે. એક પ્લાન્ટથી એક મહિનામાં કાગળની એક લાખ થેલીઓનું ઉત્પાદન થઈ શકે છે. અમેરિકન કેમિકલ સોસાયટીએ નોંધ્યું છે કે છાણમાં કાગળના ઉત્પાદનો બનાવવા માટે જરૂરી સેલ્યુલોઝ સમૃદ્ધ માત્રામાં છે.

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત